૧૦૭

નં. ટીપીડી/ આ /૧૯૫૪
તા. ૩ /૦૩/૨૦૦૯

પ્રતિ,
ખાસ ફરજ પરના અધિકારી અને
હોદ્દાની રૂએ નાયબ સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
બ્લોક નં.:૧૪, નવમો માળ,
નવા સચિવાલય,
ગાંધીનગર.

વિષયઃ– મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૬૫(વેસુ–ભરથાણા–અલથાણ) નો ઈરાદો જાહેર કરવા બાબત.

સંદર્ભઃ– ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ–૧૯૭૬ તથા એમેન્ડમેન્ટ એકટ–૧૯૯૯ ની કલમ ૪૧ (૨)

મહાશય,

મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૬૫(વેસુ–ભરથાણા–અલથાણ) તૈયાર કરવાનો ઈરાદો નગર નિયોજન સમિતિની તા.૧૩/૦૨/૨૦૦૯ ના રોજ મળેલ સભામાં ઠરાવ નં.:૦૬/૨૦૦૯ થી જાહેર કરવામાં આવેલ છે. જે અંગેનું અધિસુચન સરકારી રાજયપત્રમાં તા.૨૪/૦૨/૨૦૦૯ના સેન્ટ્રલ સેકશન પાર્ટ–૨ અસાધારણના પાના નં:૩૬ તથા ૩૭માં પ્રસિધ્ધ થયેલ છે. તેમજ સદર અધિસુચન સ્થાનિક દૈનિક પત્રો (૧)સંદેશમાં તા.૨૫/૦૨/૨૦૦૯નાં રોજ તથા (૨)ગુજરાતમિત્રમાં તા.૨૬/૦૨/૨૦૦૯ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સદર દૈનિકપત્રો, સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધ કરેલ અધિસુચન તથા સ્કીમની હદ દર્શાવતા નકશાની એક–એક નકલ આ સાથે સામેલ કરેલ છે.

વધુમાં સુરત મહાનગરપાલિકાના ટાઉન પ્લાનીંગ ખાતુ તેમજ સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન કચેરીના નોટીસ બોર્ડ ઉપર ગેઝેટની નકલ તેમજ પાર્ટ પ્લાન પ્રસિધ્ધ કરેલ છે, જે આપશ્રીને વિદિત થવા વિનંતી.

બિડાણઃ– ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,

(જે.એમ.પટેલ)
ડાયરેકટર ઓફ પ્લાનીંગ
સુરત મહાનગરપાલિકા

નકલ સ. રવાનાઃ– મુખ્ય નગર નિયોજકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ, ભોંયતળિયું તથા બીજો માળ, બ્લોક નં.૧૪, જુનુ સચિવાલય, ગાંધીનગર પ્રતિ... જાણ સારૂ.

D:\ATHWA ZONE T.P. SCHEME\T.P.65 DOC